# "નિકોલ પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર.

## પ્રેસનોટ

## ગણતરીના કલાકોમાં પોલીસ તરીકે ની ઓળખ આપી વાહન ચેકીંગ ના બહાના હેઠળ વેપારીના નાણાંની ચોરી કરનાર ત્રણ ઈસમોને ઝડપી પાડતી નિકોલ પોલીસ

મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સા તથા મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સા તથા મે.મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન અમદાવાદ શહેરનાઓએ મિલકત સબંધી ગુન્હાઓ શોધવા તેમજ અટકાવવા સારૂ તેમજ અનડિટેકટ ગુન્હાઓ શોધી કાઢવા સારૂ સુચના આપેલ જે અનુંસધાને પોલીસ ઇન્સપેકટર શ્રી એચ.બી.ઝાલાનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ નિકોલ પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર પાર્ટ નં. A-11191015200128/ 2020 ઇ.પી.કો કલમ:૩૭૯,૧૭૦,૧૧૪ મુજબના કામે ફરિ. શ્રી સુરેશભાઈ S/o કેશુભાઈ પટેલ ઉવ.૪૮ રહેવાસી: અષ્ટમંગલ બંગ્લોઝ, ચાંદખેડા અમદાવાદ શહેરનાઓ પોતાની બ્લેનો ગાડી નં. GJ-01-HV-7792 લઈ રાત્રીના આશરે નવેક વાગ્યાના સમય દરમ્યાન નિકોલ એસ.પી.રીંગ રોડ ની બાજુમાં આવેલ સર્વિસ રોડ,પાસે ટોરેન્ટ પાવરની બિલ્ડીંગના આગળ ના ભાગે ઉભી રહેતી નાશ્તા ની લારી ઉપર નશ્તો કરવા ગયેલ, નાશ્તો કરી પોતાની ગાડીમાં બેસવા જતા હતા દરમ્યાન આરોપી વિશાલ S/o મનુભાઈ ગોંડલીયા ઉ.વ.૩૨ રહે: સ્વામીનારાયણ પાર્ક, હરિદર્શન ચાર રસ્તા, નવા નરોડા, અમદાવાદ શહેર તથા મેહુલકુમાર S/O બાબુભાઈ જાદવ ઉ.વ.૩૬ રહેવાસી.દેવરાજ રેસીડન્સી, નવા નરોડા અમદાવાદ શહેરનાઓ તેઓના કબ્જાની એકટીવા નં.GJ-01-UE-3028 ની લઈ ફરિ.શ્રી પાસે આવી જણાવેલ કે, "ગાડી ચેક કરવાની છે.અમે પોલીસ છીએ,તમારે પોલીસ સ્ટેશન આવવાનુ છે. તેમ જણાવી ગાડી ચેક કરવા લાગેલ આ વખતે આરોપી શૈલેન્દ્રસિંગ S/o બાબુસિંગ વાઘેલા ઉ.વ.૩૮ રહે:દેવરાજ રેસીડન્સી, નવા નરોડા અમદાવાદ શહેરનાનો પોતાના કબ્જાની અલ્ટ્રો ગાડી નંબર:GJ-01-KW-0378ની લઈ આવી ફરિ.શ્રીની ગાડી પોલીસની જેમ ચેક કરવાનો ઢોગ કરતા કરતા ફરિ.શ્રીની નજર ચુકવી ફરિ શ્રીની બેગમાં રહેલ રોકડા રૂ.૨,૦૦,૦૦૦/- ની મત્તાની ચોરી કરી નાશી ગયેલ જે બાબતે તપાસ પો.સબ.ઈન્સ.એચ.વી.છાસટીયાનાઓને તપાસ સોપેલ હોય, તેઓ પોતાના સ્ટાફના માણસો સાથે તપાસ કરતા સ્ટાફના પો.કોન્સ.પરબતસિંહ નારસંગભાઈ તથા લોકરક્ષક રવિરાજસિંહ કાનજીભાઈ નાઓને આરોપીઓ બાબતે મળેલ હકિકત આધારે ઉપરોકત ત્રણેય આરોપીઓને ચોરીમાં ગયેલ રૂ.૨,૦૦,૦૦૦/- નો મુદ્દામાલ તેમજ ગુન્હામાં ઉપયોગ કરેલ વાહનો સાથે ઝડપી પાડી આરોપીઓની પુછપરછ દરમ્યાન આરોપીઓ શૈલેન્દ્રસિંગ S/o બાબુસિંગ વાઘેલા તથા વિશાલ S/o મનુભાઈ ગોંડલીયાનાઓ જુગાર ના ગુન્હામાં તેમજ આરોપી મેહુલકુમાર S/O બાબુભાઈ જાદવનાનો મારામારી ના ગુન્હામાં નરોડા પોલીસ સ્ટેશન ખાતે અગાઉ પકડાયેલ છે.